# તારાંકિત પ્રશ્ન ક્રમાંક –૧૫/૪/૧૯૬

# અગ્રતા ક્રમ –૬

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ – ૦૫/૦૨/૨૦૨૪

**પ્રશ્નનું શિર્ષક :–** **"જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ"**

**પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ:– હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર)**

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ

***15/4/196 હેમંતભાઈ હરદાસભાઈ આહિર** ( જામજોધપુર ) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કઇ સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ ક્યારથી કાર્યરત છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ જામનગર જીલ્લા ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૯–૧૦–૨૦૨૦ના ઠરાવથી સામુહિક આરોગ્ય કેન્દ્ર ધ્રોલને સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ તરીકે અપગ્રેડ કરી કાર્યરત કરવા અનુમતિ મળેલ છે.<br>દેવભૂમિ દ્વારકા સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ તરીકે કાર્યરત છે. |
| (૨) ઉકત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં વસ્તીના ધોરણે કેટલી નવી સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલની જરૂરીયાત છે, અને | (૨) જામનગર જીલ્લામાં બે(૨) સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલની જરૂરીયાત છે અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ૧(એક) સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલની જરૂરીયાત છે. |
| (૩) ઉકત સ્થિતિએ ઘટતી સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે? | (૩) ધ્રોલ સામુહિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ તરીકે અપગ્રેડ કરવા મળેલ મંજુરી અન્વયે કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. જામનગર જીલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્ર જામજોધપુરને સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |

# પૂરક નોંધ

| જામનગર જીલ્લો | |
|---|---|
| તાલુકા | |
| ધ્રોળ | સી.એચ.સી. –૧ |
| જામ–જોધપુર | સી.એચ.સી. –૧ |
| જામનગર | જીલ્લા મથકે જી.જી. હોસ્પિટલ<br>સી.એચ.સી–૩<br>(ધુતારપુર, જાંબુડા, સિક્કા) |
| જોડીયા | સી.એચ.સી. –૧ |
| કાલાવાડ | સી.એચ.સી. –૧ |
| લાલપુર | સી.એચ.સી–૨ (ડબાસંગ, લાલપુર) |
| **કુલ :– ૬** | **કુલ–૯ સી.એચ.સી.** |

**નોંધ :–** ધ્રોળ સી.એચ.સી.ને પેટા જીલ્લા હોસ્પિટલમાં અપગ્રેડ કરવાની અનુમતિ મળેલ છે અને જામ જોધપુર માટે વિચારણા હેઠળ છે.

| દેવભુમિ દ્વારકા જીલ્લો | |
|---|---|
| તાલુકા | |
| ભાણવડ | સી.એચ.સી. –૧ |
| કલ્યાણપુર | સી.એચ.સી. –૨<br>(કલ્યાણપુર, રાવલ–જામરાવલ) |
| ખંભાળીયા | જનરલ હોસ્પિટલ |

| | |
|---|---|
| | સી.એચ.સી–૧ (સલાયા) |
| ઓખામંડળ | સરકારી હોસ્પિટલ–દ્વારકા |
| **કુલ :– ૪** | **કુલ–૪ સી.એચ.સી.** |

## એસ.ડી.એચ. ધ્રોળ

સામૂહિક આરોગ્ય કેન્દ્ર ધ્રોલને પેટા જિલ્લા કક્ષાની હોસ્પિટલમાં અપગ્રેડ કરવા માટે બજેટ વર્ષ ૨૦૨૦–૨૧ માં મંજૂરી આપવા આવેલ છે.

**બજેટ ફાળવણી**

| | |
|---|---|
| વર્ષ ૨૦૨૦–૨૧ | રૂ.૪૦૦.૦૦ લાખ |
| વર્ષ ૨૦૨૧-૨૨ | રૂ.૨૦૦.૦૦ લાખ |
| વર્ષ ૨૦૨૨–૨૩ | રૂ.૧૦૦.૦૦ લાખ |
| વર્ષ ૨૦૨૩–૨૪ | રૂ.૧૦૦.૦૦ લાખ |
| **કુલ :–** | **રૂ. ૮૦૦.૦૦ લાખ** |

- કુલ રૂ. ૧૨૦૦ લાખના અંદાજની સામે કુલ રૂ. ૮૦૦ લાખની નાણાકીય જોગવાઈ થઈ આવેલ છે.
- સદર કામગીરી માટે હયાત કેમ્પસમાં ખૂલી જગ્યા ઉપલબ્ધ ન હોવાથી વિલંબ થયેલ, ત્યાર બાદ પ્રાંત અધિકારીશ્રી તથા અધિક્ષકશ્રી દ્વારા કેમ્પસમાં સ્થળ મુલાકાત લેવાયેલ અને હયાત વર્ગ–૧ ના બે નંગ ક્વાર્ટર તથા બ્લડ સ્ટૉરેજ યુનિટ તોડી પાડી SDH ની કામગીરી થઈ શકે તેમ હોય જે

મુજબનું બિલ્ડિંગનું પ્લાનિંગ કરવા સૂચના આપવામાં આવેલ. જેથી પી.આઇ.યુ. ના પેનલ કન્સલ્ટન્ટ શ્રીજી કન્સલ્ટન્ટ અમદાવાદને નકશા, અંદાજો માટેની કામગીરી સોપવામાં આવેલ.

- સદરહુ બિલ્ડિંગમાં જનરલ ઓ.પી.ડી, એચ.આઈ.વી. રૂમ, ઓર્થોપેડિક વિભાગ, ફિજીઓથેરાપી, કાન–નાક ગળા વિભાગ, ચામડી વિભાગ, ગાયનેક વિભાગ, લેબર રૂમ, ઇન્જેકશન રૂમ, ડ્રેસિંગ રૂમ, બાળકોનો વિભાગ, પુરુષ વોર્ડ, સ્ત્રી વોર્ડ, પ્રાઇવેટ વોર્ડ, એ–ક્ષરે વિભાગ, સોનોગ્રાફી વિભાગ, ઓપરેશન થિયેટર, લેબોરેટરી, બ્લડ સ્ટોરેજ યુનિટ જેવી સુવિધાઓનો લાભ થવાં જશે.
- સ્થાનિક તંત્ર દ્વારા પ્લાનની મંજૂરી મળતા વહીવટી મંજૂરી અર્થે તા.૩.૧૦.૨૦૨૩માં E-sarkar મારફતે રજૂ કરવામાં આવેલ. સક્ષમ કક્ષાએથી મળેલ સૂચના અનુસાર અદ્યતન એસ.ઓ.આર ૨૦૨૩–૨૪ મુજબના ભાવો લઈ અંદાજો તૈયાર કરવામાં આવશે જે કામની હાલમાં વહીવટી મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે.
- આમ આ કામગીરી માટે રૂ. ૧૨૦૦ લાખની સામે કુલ અંદાજ રૂ.૧૩૯૮ લાખ થવાં જાય છે.
- ધ્રોળથી જામનગરનું અંતર અંદાજે ૪૦ કી.મી.છે અને રાજકોટનું અંતર ૫૦ કી.મી. છે.
- ધ્રોળ ખાતે SDH મુજબનું મહેકમ મંજુર થયેલ નથી. હાલ CHC ચાલુ છે.

## ➢ ધ્રોળ સી.એચ.સી. નું મહેકમ :–

| | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| અધિક્ષક–૧ | ૧ | ૦ | ૧ |
| તજજ્ઞ વર્ગ–૧ | ૭ | ૧(ગાયનેક) | ૬ |
| એમ.ઓ. વર્ગ–૨ | ૩ | ૧ | ૨ |

## જામનગર જીલ્લામાં પી.આઇ.યુ. દ્વારા હાથ ધરાયેલ કામગીરીની વિગતો

| ક્રમ. નં. | કુલ મકાનોની વિગતો | આરોગ્ય કેન્દ્રના હાલની પરિસ્થિતી |
|---|---|---|
| ૧ | જી.જી હોસ્પિટલ<br>(કુલ – ૧૫ બિલ્ડીંગ) | ૧ – પ્રગતિ હેઠળ<br>(સ્ત્રી અને બાળ વિભાગ, સુપર સ્પેસ્યાલિટી, તથા ઓ.પી.ડી. મળી કુલ ૧૧૫૦ પથારીના ડિટેલ પ્રોજેક્ટ રિપોર્ટ સરકારશ્રીમાં મંજૂરી હેઠળ)<br>૮ – જર્જરિતની મંજૂરી હેઠળ<br>(માસ્ટર પ્લાનની અંતર્ગત ઉપરોક્ત હોસ્પિટલ બિલ્ડીંગના સ્થાને)<br>૩ – જરૂરિયાત મુજબનું રિપેરિંગના પ્રા.અંદાજ મેડિકલ ઓથોરીટીને સાદર કરેલ<br>૪ – સારી પરિસ્થિતી હેઠળ |
| ૨ | શ્રી એમ.પી. શાહ સરકારી મેડિકલ કોલેજ<br>(કુલ – ૧૭ બિલ્ડીંગ) | ૨ – પ્રગતિ હેઠળ<br>૧ – ૭૦૦ પથારીની યુ.જી. ગર્લ્સ હોસ્ટેલ<br>૨ – ૮૦૦ પથારીની યુ.જી. બોયસ હોસ્ટેલ ડિટેલ પ્રોજેક્ટ રિપોર્ટ મંજૂરી હેઠળ)<br>૧ – જરૂરિયાત મુજબનું રિપેરિંગના અંદાજની પ્રગતિ હેઠળ<br>૪ – સારી પરિસ્થિતી હેઠળ<br>૧૨ – જર્જરિત (હોસ્ટેલ) |

| | | |
|---|---|---|
| ૩ | ફિજીયોથેરાપી કોલેજ<br>(કુલ – ૦૨ બિલ્ડીંગ) | ૧ – નવું કોલેજ બિલ્ડીંગ બજેટમાં જોગવાઈ માટે અંદાજ મેડિકલ ઓથોરીટીને સાદર કરેલ.<br>૧ – સારી પરિસ્થિતી હેઠળ |
| ૪ | નર્સિંગ કોલેજ<br>(કુલ – ૦૨ બિલ્ડીંગ) | ૧ – જર્જરિત (હોસ્ટેલ)<br>૧ – સારી પરિસ્થિતી હેઠળ |
| ૫ | મેન્ટલ હોસ્પિટલ<br>(કુલ – ૦૩ બિલ્ડીંગ) | ૨ – જરૂરિયાત મુજબનું રિપેરિંગના પ્રા. અંદાજ મેડિકલ ઓથોરીટીને સાદર કરેલ.<br>૧ – સારી પરિસ્થિતી હેઠળ |
| ૬ | શ્રી એમ.પી. શાહ સરકારી મેડિકલ કોલેજ ના સ્ટાફ ક્વાટ્ર્સ<br>(કુલ – ૭૦ બિલ્ડીંગ) | ૫૦ – જર્જરિત ( એ, બી, સી, ડી ટાઇપ સ્ટાફ ક્વાર્ટર )<br>૧૯ – જરૂરિયાત મુજબનું રિપેરિંગના પ્રા. અંદાજ મેડિકલ ઓથોરીટીને સાદર કરેલ. |

| ક્રમ.નં. | કુલ મકાનોની વિગતો | આરોગ્ય કેન્દ્રના હાલની પરિસ્થિતી |
|---|---|---|
| ૧ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર (કુલ – ૯) | ૩ – પ્રગતિ હેઠળ<br>૫ – રિપેરિંગ હેઠળ<br>૧ – સામૂહિક આરોગ્ય કેન્દ્ર ૩૦ પથારી ધ્રોલનું ૫૦ નવીન પથારીનો વધારો કરી સબ જીલ્લા હોસ્પિટલમાં રૂપાંતરના અંદાજો પ્રગતિ હેઠળ |
| ૨ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (કુલ – ૩૦) | ૧ – વર્ક ઓર્ડર હેઠળ<br>૬ – રિપેરિંગ હેઠળ<br>૬ – જરૂરિયાત મુજબનું રિપેરિંગના અંદાજની પ્રગતિ હેઠળ<br>૧૭ – સારી પરિસ્થિતી હેઠળ |
| ૩ | પેટા આરોગ્ય કેન્દ્ર<br>(કુલ – ૨૧૦) | ૭ – પ્રગતિ હેઠળ<br>૪ – વર્ક ઓર્ડર હેઠળ<br>૨૪ – જર્જરિત<br>૨૮ – રિપેરિંગ હેઠળ<br>૨૭ – જરૂરિયાત મુજબનું રિપેરિંગના અંદાજની પ્રગતિ હેઠળ<br>૧૨૦ – સારી પરિસ્થિતી હેઠળ |

# દેવભુમિ દ્વારકા જીલ્લામાં પી.આઈ.યુ. દ્વારા હાથ ધરાયેલ કામગીરીની વિગતો

| ક્રમ.નં. | કુલ મકાનોની વિગતો | આરોગ્ય કેન્દ્રના હાલની પરિસ્થિતી |
|---|---|---|
| ૧ | જીલ્લા હોસ્પિટલ જામખંભાળીયા (કુલ – ૧) | સારી પરિસ્થિતી હેઠળ |
| ૨ | પેટા જીલ્લા હોસ્પિટલ દ્વારકા (કુલ – ૧) | સારી પરિસ્થિતી હેઠળ |
| ૩ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર (કુલ – ૪) | ૪ – રિપેરિંગ હેઠળ |
| ૪ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (કુલ – ૨૩) | ૧ – પ્રગતિ હેઠળ<br>૧ – જર્જરિત<br>૧૫ – રિપેરિંગ હેઠળ<br>૬ – સારી પરિસ્થિતી હેઠળ |
| ૫ | પેટા આરોગ્ય કેન્દ્ર (કુલ – ૧૬૯) | ૭ – પ્રગતિ હેઠળ<br>૨ – વર્ક ઓર્ડર હેઠળ<br>૨૦ – જર્જરિત<br>૨૮ – રિપેરિંગ હેઠળ<br>૨૨ – જરૂરિયાત મુજબનું રિપેરિંગના અંદાજની પ્રગતિ હેઠળ<br>૯૦ – સારી પરિસ્થિતી હેઠળ |

## પેટા જીલ્લા હોસ્પિટલ નક્કી કરવાના ધોરણો :–

- રાજ્ય સરકારે ૦૧/૦૩/૨૦૧૭ના ઠરાવથી રાજ્યમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રને પેટા જિલ્લા કક્ષાની હોસ્પિટલમાં અપગ્રેડ કરવા માટેનો અગ્રતાક્રમ નિયત કરવા માટે નિતી નક્કી કરેલ છે. જેમાં નીચે મુજબના પાસાઓને ધ્યાને લેવાના રહે છે.

(૧) **વિસ્તારનો પ્રકાર:-**

(અ) હાઈ પ્રાયોરિટી તાલુકા(એચ.પી.સી.)
(બ) ટ્રાયબલ એરીયા
(ક) એસ.સી.એસ.પી (શિડ્યુલ્ડ કાસ્ટ સબ–પ્લાન)
(ડ) ડેઝર્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ (ડી.ડી.પી)
(ઈ) સાગર ખેડુ
(ઉ) નોર્મલ એરિયા

(૨) **વસ્તીની સંખ્યા :**

એક લાખથી પાંચ લાખ સુધીની વસ્તી ધરાવતા સ્થળે પેટા જિલ્લા કક્ષાની હોસ્પિટલ ઉભી કરી શકાશે.

(૩) **<u>સામૂહિક આરોગ્ય કેન્દ્રથી હાયર સેવાઓના સ્થળનું અંતર :</u>**

સામૂહિક આરોગ્ય કેન્દ્રને પેટા જિલ્લા કક્ષાની હોસ્પિટલમાં અપગ્રેડ કરતી વખતે સામૂહિક આરોગ્ય કેન્દ્રથી હાયર સેવાઓના અંતરને ધ્યાનમાં લેવાનું રહેશે. જેમ અંતર વધુ તેમ પ્રથમ અગ્રતા આપવાની રહેશે.

(૪) **<u>સામૂહિક આરોગ્ય કેન્દ્રની હાલની સેવાઓની કક્ષા:</u>**

સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ઉપલબ્ધ સેવાઓને ધ્યાનમાં લેવાની રહેશે.

(૫) પેટા જિલ્લા કક્ષાની હોસ્પિટલોની ક્ષમતા ૫૦ થી ૧૦૦ પથારીની સુવિધા રાખવાની રહેશે.

# પેટા પ્રશ્નો

**અગ્રતા ક્રમ :** ૬

**પ્રશ્ન ક્રમાંક :** ૧૫/૪/૧૯૬

**તા.૦૫/૦૨/૨૦૨૪**

**આરોગ્ય વિભાગ**

**માન.ધારાસભ્યશ્રી :** હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર)

**પ્રશ્ન:-** "જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ"

## પૂરક પ્રશ્નોની યાદી

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | જામનગર જીલ્લા ખાતે હાલ કેટલી હોસ્પિટલ, કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે? સરકારશ્રીના નિયત કરેલ માપદંડ મુજબ  કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોવા જોઈએ અને કેટલા ઉપલબ્ધ છે? | શ્રીમતી રીવાબા જાડેજા, જામનગર (ઉ) |

| | | |
|---|---|---|
| ૨ | દેવભૂમિ દ્વારકા જીલ્લા ખાતે હાલ કેટલી હોસ્પિટલ, કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે? સરકારશ્રીના નિયત કરેલ માપદંડ મુજબ કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોવા જોઈએ અને કેટલા ઉપલબ્ધ છે? | શ્રી મેઘજીભાઇ ચાવડા, કાલાવડ |
| ૩ | જામનગર અને દ્વારકા જીલ્લાની હોસ્પિટલો ખાતે તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા બહારના દર્દી, અંદરના દર્દી , પ્રસુતિ,લેબ ટેસ્ટ, અને ઓપરેશન કરવામાં આવેલ છે? સરકારી હોસ્પિટલ, દ્વારકા ખાતે આરોગ્યની કઇ કઇ સેવાઓ ઉપલબ્ધ છે? | શ્રી દિવ્યેશભાઇ અકબરી, જામનગર (દ) |

**અગ્રતા ક્રમાંક–૬**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૧૯૬**

**આરોગ્ય વિભાગ**

**તા.૦૫/૦૨/૨૦૨૪**

**પેટા પ્રશ્ન : ૧ (શ્રીમતી રીવાબા જાડેજા, જામનગર (ઉ))**

- જામનગર જીલ્લા ખાતે હાલ કેટલી હોસ્પિટલ, કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે? સરકારશ્રીના નિયત કરેલ માપદંડ મુજબ કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોવા જોઈએ અને કેટલા ઉપલબ્ધ છે?

**જવાબ :**

- જામનગર જીલ્લા ખાતે બધી જ સુપર સ્પેશ્યાલીટી સગવડો ધરાવતી સરકારી જી.જી. હોસ્પિટલ કાર્યરત છે. જેમાં નિ:શુલ્ક સારવાર આપવામાં આવે છે.
- આ ઉપરાંત માનસિક આરોગ્યની હોસ્પિટલ પણ ઉપલબ્ધ છે.
- આ ઉપરાંત ૯ CHC (સામુહિક આરોગ્ય કેન્દ્ર) તેમજ ૩૪ PHC (પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) ઉપલબ્ધ છે.

| **જામનગર જીલ્લો** | | | | | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનુ નામ** | **જીલ્લા હોસ્પિટલની સંખ્યા** | **પેટા જીલ્લા હોસ્પિટલની સંખ્યા** | **સામુહિક આરોગ્ય કેન્દ્રની સંખ્યા** | **પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સંખ્યા** |
| ૧ | ધ્રોલ | – | – | ૧ | ૩ |
| ૨ | જામજોધપુર | – | – | ૧ | ૭ |
| ૩ | જામનગર | ૧ (જી.જી.જામનગર) | – | ૩ | ૯ |
| ૪ | જોડીયા | – | – | ૧ | ૩ |
| ૫ | કાલાવાડ | – | – | ૧ | ૭ |
| ૬ | લાલપુર | – | – | ૨ | ૫ |
| કુલ | | ૧ | **૧** | **૯** | **૩૪** |
| **નોંધ– જામનગર જીલ્લા ખાતે માનસિક આરોગ્યની હોસ્પિટલ, સરકારી ડેન્ટલ કોલેજ અને એમ.પી.શાહ મેડીકલ કોલેજ કાર્યરત છે.** | | | | | |

- ભારત સરકારશ્રીના નિયત કરેલ માપદંડ મુજબ :–

| | | |
|---|---|---|
| બિન આદિજાતી વિસ્તારમાં | દર ત્રીસ હજારની વસ્તીએ એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | દર એક લાખ વીસ હજારની વસ્તીએ એક સામુહિક આરોગ્ય કેન્દ્ર હોવુ જોઇએ. |
| આદિજાતી વિસ્તારમાં | દર વીસ હજારની વસ્તીએ એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | દર એસી હજારની વસ્તીએ એક સામુહિક આરોગ્ય કેન્દ્ર હોવુ જોઇએ. |

➢ જામનગર જીલ્લા ખાતે ભારત સરકારશ્રીના નિયત કરેલ માપદંડ મુજબ જોઇએ તો :

| સા.આ.કેન્દ્ર | | | પ્રા .આ.કેન્દ્ર | | |
|---|---|---|---|---|---|
| **માપદંડ મુજબ** | **હયાત** | **વધ/ઘટ** | **માપદંડ મુજબ** | **હયાત** | **વધ** |
| ૯ | ૯ | ૦ | ૩૩ | ૩૪ | ૧ |

**નોંધ :–** જામનગર જિલ્લા ખાતે ગ્રામ્ય વિસ્તારમાં વસતી ૬,૬૦,૦૧૩ (વર્ષ ૨૦૧૧ ની વસતી ગણતરી મુજબ) છે. જામનગર જીલ્લો બિન આદિજાતિ વિસ્તાર છે પરંતુ ભારત સરકારશ્રીના ડીફીકલ્ટ એરિયા ધોરણને ધ્યાને લઇ આદિજાતિ વિસ્તારની વસ્તીના ધોરણો મુજબ ગણતરી કરેલ છે.

## પેટા પ્રશ્ન : ૨ (શ્રી મેઘજીભાઈ ચાવડા, કાલાવડ)

- દેવભૂમિ દ્વારકા જીલ્લા ખાતે હાલ કેટલી હોસ્પિટલ, કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે? સરકારશ્રીના નિયત કરેલ માપદંડ મુજબ કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોવા જોઈએ અને કેટલા ઉપલબ્ધ છે?

**જવાબ :**

- દેવભૂમિ દ્વારકા જીલ્લાના મુખ્ય મથક જામ ખંભાળીયા ખાતે જીલ્લા કક્ષાની જનરલ હોસ્પિટલ કાર્યરત છે.
- તથા દ્વારકા ખાતે પેટા જિલ્લા કક્ષાની સરકારી હોસ્પિટલ કાર્યરત છે.
- આ ઉપરાંત ૪ CHC (સામુહિક આરોગ્ય કેન્દ્ર) તથા ૨૩ PHC (પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) ઉપલબ્ધ છે.

| દ્વારકા જીલ્લો | | | | | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનુ નામ** | **જીલ્લા હોસ્પિટલની સંખ્યા** | **પેટા જીલ્લા હોસ્પિટલની સંખ્યા** | **સામુહિક આરોગ્ય કેન્દ્રની સંખ્યા** | **પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સંખ્યા** |
| ૧ | ભાણવડ | ૦ | ૦ | | ૫ |
| ૨ | કલ્યાણપુર | ૦ | ૦ | ૨ | ૯ |
| ૩ | ખંભાળિયા | ૧ (જ.હો.ખંભાળીયા | ૦ | ૧ | ૬ |
| ૪ | ઓખામંડળ | ૦ | ૧ (સ.હો.દ્વારકા ) | – | ૩ |
| **કુલ** | | **૧** | **૧** | **૪** | **૨૩** |

- **દ્વારકા જીલ્લા ખાતે ભારત સરકારશ્રીના  નિયત કરેલ માપદંડ મુજબ જોઈએ તો:-**

| **સા.આ.કેન્દ્ર** | | | **પ્રા .આ.કેન્દ્ર** | | |
|---|---|---|---|---|---|
| **માપદંડ મુજબ** | **હયાત** | **વધ/ઘટ** | **માપદંડ મુજબ** | **હયાત** | **વધ/ઘટ** |
| ૬ | ૪ | -૨ | ૨૬ | ૨૩ | -૩ |

**નોંધ :-** દ્વારકા જીલ્લાના ગ્રામ્ય વિસ્તારની વસ્તી ૫,૦૬,૪૩૨ (વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ) છે. દ્વારકા જીલ્લો બિન આદિજાતિ વિસ્તાર છે પરંતુ ભારત સરકારશ્રીના ડીફીકલ્ટ એરિયા ધોરણને ધ્યાને લઈ આદિજાતિ વિસ્તારની વસ્તીના ધોરણો મુજબ ગણતરી કરેલ છે.

## પેટા પ્રશ્ન : ૩ (શ્રી દિવ્યેશભાઈ અકબરી, જામનગર (દ))

- જામનગર અને દ્વારકા જીલ્લાની હોસ્પિટલો ખાતે તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા બહારના દર્દી, અંદરના દર્દી , પ્રસુતિ,લેબ ટેસ્ટ, અને ઓપરેશન કરવામાં આવેલ છે? પેટા જીલ્લા હોસ્પિટલ, દ્વારકા ખાતે આરોગ્યની કઇ કઇ સેવાઓ ઉપલબ્ધ છે?

## જવાબ :

- જામનગર અને દ્વારકા જીલ્લાની હોસ્પિટલો ખાતે તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા ત્રણ–વર્ષમાં બહારના દર્દી, અંદરના દર્દી , પ્રસુતિ,લેબ ટેસ્ટ અને ઓપરેશન માહિતી જોઈએ તો :–

| ૧–જી.જી. હોસ્પિટલ, જિ. જામનગર | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્ર | વર્ષ | બહારના દર્દી (ઓપીડી) | અંદરના દર્દી (આઇપીડી) | પ્રસુતિ | લેબ ટેસ્ટ | ઓપરેશન | |
| | | | | | | મેજર | માઈનોર |
| ૧ | ૨૦૨૧–૨૨ | ૬૩૧૩૪૫ | ૮૩૬૪૧ | ૮૨૫૨ | ૧૨૭૯૧૫૩ | ૮૪૩૭ | ૧૯૭૪૫ |
| | ૨૦૨૨–૨૩ | ૭૮૦૩૯૪ | ૯૫૪૨૭ | ૯૦૫૫ | ૧૫૧૮૪૬૦ | ૧૧૪૬૩ | ૧૭૧૨૫ |
| | ૨૦૨૩–૨૪ (ડિસેમ્બર સુધી) | ૬૪૮૬૧૫ | ૬૮૮૯૧ | ૬૫૦૫ | ૧૨૬૧૩૮૨ | ૮૪૭૯ | ૧૨૨૧૧ |

| ૨–માનસિક આરોગ્યની હોસ્પિટલ, જિ. જામનગર | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | બહારના દર્દી (ઓપીડી) | અંદરના દર્દી (આઈપીડી) | પ્રસુતિ | લેબ ટેસ્ટ | ઓપરેશન | |
| | | | | | | મેજર | માઈનોર |
| ૨ | ૨૦૨૧–૨૨ | ૭૫૨૦૩ | ૧૦૩૬૫૮ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૨–૨૩ | ૫૮૩૬ | ૯૨૧૭ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૨૩–૨૪ (ડિસેમ્બર સુધી) | ૩૫૫૯ | ૫૯૮૧ | ૦ | ૦ | ૦ | ૦ |

| ૩–જનરલ હોસ્પિટલ જામ ખંભાળિયા, જિ. દે. દ્વારકા | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | બહારના દર્દી (ઓપીડી) | અંદરના દર્દી (આઈપીડી) | પ્રસુતિ | લેબ ટેસ્ટ | ઓપરેશન | |
| | | | | | | મેજર | માઈનોર |
| ૩ | ૨૦૨૧–૨૨ | ૧૫૦૫૦૨ | ૬૧૪૪૫ | ૧૭૧૮ | ૩૨૨૫૬૮ | ૨૭૫૯ | ૬૮૭૩ |
| | ૨૦૨૨–૨૩ | ૧૭૭૧૭૭ | ૪૨૦૮૩ | ૧૭૭૨ | ૩૬૪૯૫ | ૩૧૪૧ | ૬૯૧૭ |
| | ૨૦૨૩–૨૪ (ડિસેમ્બર સુધી) | ૧૬૬૫૧૬ | ૫૬૯૪૬ | ૧૭૩૫ | ૩૩૨૮૨૫ | ૧૯૧૮ | ૧૧૪૪ |

| ૪–પેટા જીલ્લા હોસ્પિટલ, જિ. દે. દ્વારકા | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | બહારના દર્દી (ઓપીડી) | અંદરના દર્દી (આઈપીડી) | પ્રસુતિ | લેબ ટેસ્ટ | ઓપરેશન | |
| | | | | | | મેજર | માઈનોર |
| ૪ | ૨૦૨૧–૨૨ | ૬૪૭૧૬ | ૨૩૫૮૩ | ૫૧૮ | ૬૨૨૬ | ૮૩ | ૫૮૫ |
| | ૨૦૨૨–૨૩ | ૮૪૨૩૭ | ૬૭૬૨ | ૭૩૭ | ૨૮૨૦૭ | ૦ | ૭૧૭ |
| | ૨૦૨૩–૨૪ (ડિસેમ્બર સુધી) | ૬૨૧૨૨ | ૧૧૦૦૨ | ૨૦૬૪ | ૧૯૦૪૭ | ૫૬ | ૬૪૧ |

- **<u>પેટા જીલ્લા હોસ્પિટલ, જિ. દે. દ્વારકા ખાતે આરોગ્યની ઉપલબ્ધ સેવાઓ જોઇએ તો :</u>**

  ૧. ઓ.પી.ડી વિભાગ, ૨. ઇમરજન્સી વિભાગ, ૩. લેબર વિભાગ, ૪. સર્જીકલ વોર્ડ, ૫. મેડીકલ વિભાગ, ૬.લેબોરેટરી વિભાગ ૭.પિડીયાટ્રીક/ આઈસીયુ વિભાગ, ૮.માઇક્રોબાયોલોજી વિભાગ ૯. ફીઝીયોથેરાપી વિભાગ, ૧૦. ઓપરેશન થીએટર વિભાગ, ૧૧. ડી.આઇ.સી.વિભાગ, ૧૨. ડાયાલીસીસ વિભાગ, ૧૩. સી.એમ.ટી.સી વિભાગ, ૧૪. આઇસોલેન વિભાગ